જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૭/૨૦૧૪ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૯૪૭/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી ૯૩ લીટર દેશી દારૂ, ૧૮૬ બોટલ ઇગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી.તેમજ જુગારના ૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૯૪૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગત:-** **સમાચાર યાદી નં.૧૯૪૯/૧૪**

તા.૨૭/૭/૧૪ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરૂધ્ધ ૧૦,૪૮૩ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૫,૬૮,૬૫૦/- વસુલ કર્યા છે. આ પૈકી ૫૬ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૧૧૦ વાહનો ટો કરી રૂપિયા ૬,૬૫૦/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૦૭ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૦૧ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૦૫ આઈ.પી.સી.૨૭૯ મુજબ ૦૨ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૫૦૦૩ કેસ કરી રૂપિયા ૨,૫૦,૧૫૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૪ થી તા.૨૭/૭/૧૪ સુધીમાં કુલ ૧૮,૭૭,૫૨૭ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૬૪,૯૦,૮૨૫/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૯૫૦/૧૪**

**માધવપુરા:** અતુલભાઈ મહીજીભાઈ માલી (રહે.ઔડાના મકાનમાં જયમહાદેવનગર નવાવાડજ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૭/૧૪ રાતના ૧૦/૩૦ થી તા.૨૭/૭/૧૪ સવારના ૪/૩૦ વાગ્યા દરમ્યાન દુધેશ્વરબ્રિજના છેડે સર્કલ વચ્ચે આવેલ મેલડીમાતાનાના મંદિરમાંથી દાનપેટીનુ તાળુ તોડી આશરે રૂપિયા ૭૦૦/- અને ચાંદીના છત્ર નંગ-૩ કિમત્ર રૂપિયા ૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૭૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી વિક્રમસિહ હિમ્મતસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૫૧/૧૪**

**ચાંદખેડા :** અનિતાબહેન અમિતકુમાર પરમાર (ઉ.વ.૩૧)(રહે.વૃદાવન ડુપ્લેક્ષ હાઇ-વે મોલ, ચાંદખેડા) એ કોઇ કારણસર પોતાના ઘરે તા.૨૭/૭/૧૪ બપોરના ૨/૩૦ થી ૩/૩૦ દરમ્યાન ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૧૯૫૨/૧૪**

| | |
|---|---|
| **દાણીલીમડાઃ** નિલમબહેન જીતેન્દ્રકુમાર પરમાર (ઉ.વ.૧૬) (રહે. ગોવિંદનગર પંચવટી સોસાયટી દાણીલીમડા) તા.૨૭/૬/૧૪ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. છીંકણી રંગનુ ટોપ અને સફેદ રંગની લેગીઝ પહેરી છે. ઉંચાઈ ૪ ફુટ છે. (દાણીલીમડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૩૨૦૧૫૩) |  |
| **દાણીલીમડાઃ** ઉર્મીલાબહેન બીપીનભાઈ રાઠોડ (ઉ.વ.૩૩) (રહે.કમલ કેલેન્ડરની પાછળ શ્રીધર સોસાયટી દાણીલીમડા) તા.૩/૭/૧૪ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. ડાબા હાથના અંગુઠા પાસે અંગ્રેજીમાં વી કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઇંચ છે. (દાણીલીમડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૩૨૦૧૫૩) |  |
| **વટવાઃ** હેમાબહેન દીલીપભાઈ ચુનારા (ઉ.વ.૧૯) (રહે. ખજુરીયા હનુમાન મંદિર સામે ભમ્મરીયા કુવા છાપરાંમાં નારોલ રોડ) તા.૧૬/૫/૧૪ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ફુટ છે.(વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **મણીનગર :** રિધ્ધીબહેન કિરણકુમાર ઈન્દુલકર (ઉ.વ.૨૧)(રહે.આધારશિલા એપાર્ટમેન્ટ્ક ઉત્તમનગર બગીચા પાસે મણીનગર) તા.૨૮/૬/૧૪ ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનુ જીન્સ પેન્ટ અને કાળા રંગનો શર્ટ પહેર્યો છે. ડાબા હાથે પ્લાસ્ટીક સર્જરી કરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે.(મણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૪૬૦૦૮૯) |  |
| **રામોલઃ** રૂબિયા ઉર્ફે રૂબી પ્રવિણભાઈ મેકવાન (ઉ.વ.૨૨)(રહે.આશાદિપ સોસાયટી, સી.ટી.એમ. રામોલ) તા.૪/૭/૧૪ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગનુ ફુલડીઝાઈન વાળુ ટોપ અને પીળા રંગનો પાયજામો પહેર્યા છે. ઉંચાઈ ૫ ફુટ ૨ ઈંચ છે. (રામોલ પોલીસ સ્ટેશન ટેલીફોન ૨૫૮૫૦૩૦૦) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.